**સ્પે. એ.સી.બી. ૧૦/૨૦૧૧**

**<u>-:: આંક-૫૯ લગત હુકમ ::-</u>**

(૧) સાંભળ્યા, અરજી તથા રેકર્ડ વંચાણે લીધા.

(૨) આ કામે ફરીયાદ પક્ષ તરફે એ.પી.પી.શ્રી એમ.ડી.પંડયાએ હાલની અરજી રજુ કરી, અરજીમાં જણાવેલા કારણો પોતાની દલીલોમાં દોહરાવી રજુઆત કરેલ છે કે, હાલના કામે આંક-૧૭ થી મુળ ફરીયાદીને તપાસવામાં આવેલ છે. ફરીયાદીએ તેમની સરતપાસમાં ફરીયાદ પક્ષના કેસને સમર્થન આપેલ છે પરંતુ, આરોપી તરફેની ઉલટ તપાસમાં સદરહુ મુળ ફરીયાદીએ પ્રોસીકયુશનના કેસથી તથા તેમની ફરીયાદ, નિવેદન તથા તેમની હાજરીમાં થયેલ ટ્રેપના પંચનામાથી વિપરીત અને વિરોધાભાસી જુબાની આપેલ છે જેથી સદર ફરીયાદીની પુરાવા ધારાની કલમ-૧૫૪ મુજબ ઉલટ તપાસ કરવા માંગતા હોઈ સદર સાક્ષીની પુરાવા ધારાની કલમ-૧૫૪ મુજબ ઉલટ તપાસ કરવાની પરવાનગી આપવા વિનંતી કરેલ છે. વધુમાં, ફરીયાદ પક્ષ તરફે ભરવાડ ભુટા બચુ વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાતના ચુકાદા ઉપર આધાર રાખેલ છે.

(૩) આરોપી તરફે વિ.વ.શ્રી.સી.બી.પુજારાનાઓએ વિશેષ કોઈ રજુઆત કરવી નથી તેવું જણાવેલ છે.

(૪) પક્ષકારોની રજુઆત તથા રેકર્ડ ઉપરની હકીકત ઘ્યાને લેતાં, આ કામે ફરીયાદીને આંક-૧૭ થી તપાસવામાં આવેલ છે. સદર ફરીયાદીની બચાવ પક્ષ તરફે ઉલટ તપાસ કરવામાં આવતાં સદર જુબાનીના પેજ નં. ૧૫ ઉપર બચાવ પક્ષ તરફે પુછવામાં આવેલા સવાલોના બચાવ પક્ષને મદદરૂપ થાય તેવા અને ફરીયાદ

પક્ષને નુકસાન થાય તેવા જવાબો આપેલ તે કારણસર ફરીયાદ પક્ષે હાલની અરજી રજુ કરેલ છે. ફરીયાદ પક્ષ તરફે નામ. ગુજરાત હાઈકોર્ટના ભરવાડ ભુટા બચુ વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાતના કેસમાં આપવામાં આવેલ ચુકાદા ઉપર આધાર રાખેલ છે. સદર ચુકાદામાં જણાવેલ છે કે, '' Whenever ay prosecution witness though in examination-in-chief shapes pretty fairly subsequently by change in his cross-examnation gives evidence in a manner which has the effect of washing out the earlier evidence in the examination-in-chief then he deserves to be declare hostile. If that is not done then depending upon the facts and circumstances of that particular case prosecution may suffer irreparable consequences. "

આમ, ઉપરોકત હકીકત તથા નામ. ગુજરાત હાઈકોર્ટના ઉપરોકત ચુકાદામાં જણાવ્યા મુજબ જો ફરીયાદ પક્ષે બોલાવેલ સાક્ષી તેની સરતપાસમાં ફરીયાદ પક્ષના કેસને મદદરૂપ થતી હકીકતો જણાવી સમર્થન આપેલ હોઈ પરંતુ, જો ઉલટ તપાસમાં ફરીયાદ પક્ષની હકીકતથી વિપરીત અને બચાવ પક્ષને મદદરૂપ થતી હકીકતો જણાવે જેને કારણે ફરીયાદ પક્ષનો કેસ નબળો પડે અને ફરીયાદ પક્ષના કેસને નુકસાન થાય તેમ હોઈ તેવા સંજોગોમાં ફરીયાદ પક્ષ તેને ફરી ગયેલા જાહેર કરી પુરાવા ધારાની કલમ–૧૫૪ મુજબ ઉલટ તપાસ કરવાની પરવાનગી માંગી શકે અને તે આધારે તેને ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો જો કોર્ટ પરવાનગી આપે તો પુછી શકે. હાલના કેસમાં પણ ફરીયાદીએ સરતપાસમાં ફરીયાદ પક્ષના કેસને સમર્થન આપેલ છે પરંતુ, આરોપી તરફેની ઉલટ તપાસમાં સદરહુ મુળ ફરીયાદીએ પ્રોસીકયુશનના કેસથી વિપરીત અને વિરોધાભાસી જુબાની આપેલ

હોવાની ફરીયાદ પક્ષની રજુઆત ગ્રાહય રાખી સદર ફરીયાદીની પુરાવા ધારાની કલમ–૧૫૪ મુજબ ઉલટ તપાસ કરવાની ફરીયાદ પક્ષે પરવાનગી આપવી ન્યાયોચિત જણાતું હોઈ નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**–: હુ ક મ :–**

(૧) અરજી **મંજુર** કરવામાં આવે છે.

(૨) વધુમાં, આ કામે આંક–૧૭ થી તપાસેલ ફરીયાદીને ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૫૪ મુજબ ફરી ગયેલા જાહેર કરી ઉલટ તપાસમાં પૂછી શકાય તેવા સૂચક પ્રશ્નો પૂછવાની પરવાનગી આપવામાં આવે છે.

(૩) ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૦૧/૦૬/૨૦૨૪

પાટણ

**( બીપીન.કે.બારોટ)**
સ્પે. જજ (એ.સી.બી.),
જજ કોડ નં.જી.જે.૦૦૫૬૬
પાટણ

RAJ.